

CDTFA

# કેલિફોર્નિયામાં વેચાણ કરવું

કેલિફોર્નિયા ડિપાર્ટમેન્ટ ઓફ ટેક્સ એન્ડ ફી એડમિનિસ્ટ્રેશનનો પરિચય

કેલિફોર્નિયા ડિપાર્ટમેન્ટ ઓફ ટેક્સ એન્ડ ફી એડમિનિસ્ટ્રેશન (CDTFA) કેલિફોર્નિયામાં 37 ટેક્સ (કર) અને ફી પ્રોગ્રામની વ્યવસ્થા કરે છે. અમારો ધ્યેય આપણી આવશ્યક જાહેર સેવાઓનું સમર્થન કરે છે તેવી આવકને યોગ્ય અને અસરકારક રીતે એકત્રિત કરીને કેલિફોર્નિયાના લોકોના જીવનને વધુ સારું બનાવવાનો છે. અમે તમારું અને તમારા નવા વ્યવસાયનું સ્વાગત કરીએ છીએ. આપણું સ્ટેટ ઉદ્યોગસાહસિકો અને સમૃદ્ધ સાહસોનો સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે અને અમે તમને પણ તેવી જ સફળતાની શુભેચ્છા આપીએ છીએ. જ્યારે તમે કેલિફોર્નિયામાં વેચાણ કરતા હોવ ત્યારે તમને લાગુ પડતી કેટલીક કાનૂની આવશ્યકતાઓ જણાવવા માટે આ પ્રકાશન સુલભ માર્ગદર્શિકા તરીકે કામ કરે છે. સ્ટેટના વ્યવસાયના નિયમો અને ટેક્સના કાયદા જટિલ છે અને આ કોઈ વ્યાપક માર્ગદર્શિકા નથી. તમને હોય શકે તેવાં કોઈપણ વ્યવસાયને ટેક્સ-સંબંધિત પ્રશ્નોના જવાબ આપવા માટે અમે અહીં છીએ. અમારા કર્મચારીઓમાંથી ઘણાં અંગ્રેજી સિવાયની ભાષાઓ બોલે છે અને તમે અગાઉથી વિનંતી કરશો, તો અમે ખાતરી આપીએ છીએ કે અમે તે તમામ પ્રયત્ન કરીશું કે તમારી ભાષા બોલતું કોઈ વ્યક્તિ તમારી મદદ માટે ઉપલબ્ધ રહે.

## કેલિફોર્નિયા વિક્રેતા પરવાનગીપત્ર

કેલિફોર્નિયા વિક્રેતા પરવાનગીપત્ર તમને જથ્થાબંધ અથવા છૂટક સ્તર પર વસ્તુઓ વેચવાની પરવાનગી આપે છે. જ્યારે તમે અમારી પાસે નોંધણી કરાવો છો ત્યારે તમને વિક્રેતા પરવાનગીપત્ર મળે છે. સામાન્ય રીતે, તમારે કેલિફોર્નિયામાં વ્યવસાય માલ, વાહનો અથવા અન્ય વસ્તુઓ કાયદેસર રીતે વેચવા અને/અથવા ભાડે આપવા માટે વિક્રેતા પરવાનગીપત્ર મેળવવું આવશ્યક છે. મોટાભાગે ક્રિસમસ ટ્રી અથવા હસ્તકળાના વાજબીભાવે વેચાણના કિસ્સામાં બને છે તેમ, જો તમે 90 દિવસથી વધુ સમય માટે વેચાણ કરવાના ન હોવ તો તમારે અસ્થાયી વિક્રેતા પરવાનગીપત્ર માટે અરજી કરવી આવશ્યક છે.



## વિક્રેતા પરવાનગીપત્ર વિ. પુન:વેચાણ પ્રમાણપત્ર

વિક્રેતા પરવાનગીપત્ર અને પુન:વેચાણ પ્રમાણપત્ર એ બે અલગ-અલગ વસ્તુઓ છે. વિક્રેતા પરવાનગીપત્ર તમને કેલિફોર્નિયામાં વેચાણ કરવાની પરવાનગી આપે છે, જ્યારે પુન:વેચાણ પ્રમાણપત્ર તમને તમારા સપ્લાયરને ટેક્સ ભર્યા વિના તમે વેચાણ કરશો તેવી વસ્તુઓ ખરીદવાની પરવાનગી આપે છે. એકવાર તમારી પાસે વિક્રેતા પરવાનગીપત્ર હોય, તો તમે તમારા વ્યવસાયના સામાન્ય વ્યવહારમાં વેચાણ કરશો તેવી ચીજો ખરીદવા માટે તમારા સપ્લાયરને પુન:વેચાણ પ્રમાણપત્ર આપી શકો છો. વિક્રેતા પરવાનગીપત્ર એ *ખરીદ પરવાનગીપત્ર* નથી. તમારા વ્યવસાયમાં વેચવાને બદલે, તમે ઉપયોગમાં લો છો તે તમામ વસ્તુઓ (જેમ કે ઓફિસ સપ્લાય) પર તમારે હજી પણ ટેક્સ ભરવો પડશે.

## વિક્રેતા પરવાનગીપત્ર માટે અરજી કરવી

વિક્રેતા પરવાનગીપત્ર માટે અરજી કરવાનું નિ:શુલ્ક છે. તમે અમારી વેબસાઈટ www.cdtfa.ca.gov પર *ઓનલાઈન સેવાઓ* વિભાગની મુલાકાત લઈને વિક્રેતા પરવાનગીપત્ર માટે અરજી કરી શકો છો. તમારી અરજી પૂર્ણ કરવા માટે, તમારે બેંક એકાઉન્ટ વિગતો અને અંદાજિત આવક સહિતની તમારા વ્યવસાય વિશેની માહિતી પ્રદાન કરવાની જરૂર પડશે. જો તમે તમારો વ્યવસાય કોઈ વ્યક્તિ પાસેથી ખરીદ્યો છે, તો તમારે અગાઉના માલિકનું નામ અને તેમના CDTFA વિક્રેતા પરવાનગીપત્ર નંબર પ્રદાન કરવાની જરૂર પડશે. જો તમને માર્ગદર્શનની જરૂર હોય, તો કૃપા કરીને અમારા ગ્રાહક સેવા કેન્દ્રને 1-800-400-7115 (CRS:711) પર કોલ કરો અને CDTFA ના પ્રતિનિધિ તમને મદદ કરવામાં ખુશ થશે. એકવાર તમે ઈલેક્ટ્રોનિક અરજી પૂર્ણ કરી સબમિટ કરી લો, પછી તમે તમારા વ્યવસાય સ્થાન પર પ્રદર્શિત કરવા માટે તમારું વિક્રેતા પરવાનગીપત્ર છાપવા માટે સક્ષમ હશો. સ્થાનિક CDTFA ક્ષેત્ર ઓફિસની મુલાકાત લઈને તમે રૂબરૂમાં પણ વિક્રેતા પરવાનગીપત્ર માટે અરજી કરી શકો છો. તમે અમારી વેબસાઈટ *www.cdtfa.ca.gov/office-locations* પરથી ઓફિસ ફોન નંબર અને સરનામાં મેળવી શકો છો.

## ટેક્સ ક્લિયરન્સ માટે વિનંતી

તમે જે વ્યવસાય ખરીદી રહ્યા છો તેના કોઈ પણ વેચાણ અથવા ઉપયોગિતા ટેક્સની બાકી ચુકવણીથી તમારી જાતને બચાવવા માટે, તમારે અમને પત્ર લખીને ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર માટે વિનંતી કરવી જોઈએ. તમારી લેખિત વિનંતીમાં, તમારે નીચેનાનો સમાવેશ કરવો જોઈએ:

- ખરીદનારનું નામ, સરનામું અને ફોન નંબર.
- વેચાણકર્તાનું નામ, સરનામું અને ફોન નંબર.
- વ્યવસાયનું સરનામું.
- ખરીદ કિંમતની રકમ સાથેના બાનાખત અથવા ખરીદી કરારની એક નકલ.
- જો લાગુ હોય તો એસ્ક્રો કંપનીનું નામ અને એસ્ક્રો નંબર.
- વ્યવસાય ખરીદ્યો હતો તે દિવસની તારીખ.

## વિક્રેતા પરવાનગીપત્ર ધારકોની જવાબદારી

જ્યારે તમે વિક્રેતા પરવાનગીપત્ર ધરાવો છો, ત્યારે તમારે નીચે મુજબ કરવું આવશ્યક છે:

- સમજો કે વેચાણ અને ઉપયોગિતા ટેક્સ કાયદો તમારા વ્યવસાયની કામગીરી પર કેવી રીતે લાગુ પડે છે.
- તમારા વેચાણ અને ખરીદીના દસ્તાવેજીકરણ માટે પૂરતા રેકોર્ડ રાખો (નીચે *રેકોર્ડ રાખવા* જુઓ).
- અમારી પાસે સમયાંતરે વેચાણ અને ઉપયોગિતા ટેક્સ રિટર્ન ઓનલાઈન ફાઈલ કરો. એકવાર તમે તમારાં વિક્રેતા પરવાનગીપત્ર માટે ઓનલાઈન નોંધણી પૂર્ણ કરી લો તે પછી, અંદાજિત વેચાણના આધારે, તમને માસિક, ત્રિમાસિક અથવા વાર્ષિક ફાઈલિંગ સૂચિ પ્રદાન કરવામાં આવશે.
- તમારા વેચાણ અને ખરીદી પર ચૂકવવાપાત્ર કોઈપણ વેચાણ અને ઉપયોગિતા ટેક્સની ચૂકવણી કરો.

## રેકોર્ડ રાખવા

ટેક્સની સાચી રકમ બતાવવા માટે તમારે ઓછામાં ઓછા ચાર વર્ષ સુધી રેકોર્ડ રાખવા આવશ્યક છે. તમારે રાખવાં જોઈએ તેવાં રેકોર્ડના ઉદાહરણ નીચે મુજબ છે:

- હિસાબના ચોપડા જે તમારી આવક અને ખર્ચનો સારાંશ આપે છે જેમ કે તમારી સામાન્ય ખાતાવહી અને રોજમેળ-જર્નલો. આ માહિતી ઈલેક્ટ્રોનિક સંગ્રહિત થઈ શકે છે.
- અસલ રેકોર્ડ કે જે તમારા હિસાબના ચોપડાની નોંધને સમર્થન આપે છે જેમ કે બીલ, રસીદો, ભરતિયાં, જોબ ઓર્ડર, કરાર અથવા અન્ય દસ્તાવેજો.
- તમારા ટેક્સ રીટર્ન તૈયાર કરવા માટે વપરાયેલા દસ્તાવેજો અને વર્કશીટ.
- તમે તમારા ગ્રાહકો પાસેથી સ્વીકાર કરેલ પુનઃવેચાણ પ્રમાણપત્રો.

## તમારા રેકોર્ડ નીચે પ્રમાણે દર્શાવે તે આવશ્યક છે:

- વ્યવસાય માલના વેચાણ અને તેની ભાડા-આવક અને આવક કે જે તમે ટેક્સમાંથી મુક્ત માની શકો છો તે સહિત બધી વ્યવસાયિક આવકની કુલ આવક.
- તમારા ટેક્સ રિટર્નમાં દાવો કરેલ તમામ કપાત.
- ખરીદેલી તમામ વસ્તુઓની કુલ ખરીદી કિંમત.

## તમારા વ્યવસાય માટે વધારાની આવશ્યકતાઓ

વિક્રેતા પરવાનગીપત્ર માટે નોંધણી કરવા ઉપરાંત, અમે સંચાલિત કરીએ છીએ તેવાં અન્ય ટેક્સ અને ફી પ્રોગ્રામ માટે તમારે નોંધણી કરાવવાની જરૂર પડી શકે છે (ઉદાહરણ તરીકે, કેલિફોર્નિયા ટાયર ફી, ઈલેક્ટ્રોનિક વેસ્ટ રિસાયક્લિંગ ફી અથવા સિગારેટ અને તમાકુ લાઈસન્સ પ્રોગ્રામ). તમને તમારો વ્યવસાય ચલાવવા માટે અન્ય લાઈસન્સ, પરવાનગીપત્ર અથવા દસ્તાવેજો મેળવવાની પણ જરૂર પડી શકે છે. કેલગોલ્ડ વેબસાઈટ, *www.calgold.ca.gov*, તમારા વ્યવસાય માટે યોગ્ય પરવાનગીપત્ર માહિતી શોધવાનું પ્રારંભ કરવા માટે એક ઉત્તમ જગ્યા છે. ચેમ્બર ઓફ કોમર્સ, આર્થિક વિકાસ સંગઠનો અને વ્યવસાયિક સંસ્થાઓ પણ માહિતીના સારા સ્રોત છે. મોટાભાગે કોઈ શહેર અથવા કાઉન્ટીનો વ્યવસાય લાઈસન્સિંગ વિભાગ તમને મદદ કરી શકે છે, અથવા તમે મદદ માટે કોલ કરી શકો છો.

## કરદાતાઓના અધિકારો માટે એડવોકેટ

કેલિફોર્નિયાના કરદાતા તરીકે, તમારી પાસે ઘણાં અધિકારો છે, જેમ કે ગોપનીયતાનો અધિકાર, ન્યાયપૂર્ણ વર્તન કરવાનો અધિકાર, અને અમે કરેલ કાર્યવાહી માટે અપીલ કરવાનો અધિકાર. જો તમને CDTFA પર સામાન્ય ચેનલો દ્વારા ચિંતા ઉકેલવામાં મદદની જરૂર હોય, અથવા જો તમે અમારા દ્વારા સંચાલિત કોઈપણ ટેક્સ અથવા ફી પ્રોગ્રામ હેઠળ તમારા અધિકારો વિશે વધુ જાણવા માંગતા હોવ, તો તમે અમારી કરદાતાઓના અધિકાર માટે એડવોકેટ ઓફિસ પર 1-888-324-2798 પર ટોલ ફ્રી કોલ કરી શકો છો.

## વધું માહિતી માટે

જો તમને દુભાષિયાની મદદની જરૂર હોય, તો કૃપા કરીને તમારી સ્થાનિક CDTFA ઓફિસ પર કોલ કરો. જો તમે ઇચ્છો કરો તો તમે તમારાં પોતાના દુભાષિયા પણ લાવી શકો છો. અમે તમારી સાથે સ્પષ્ટ રીતે વાતચીત કરવાનો દરેક પ્રયત્ન કરીશું. અમે અમારી સેવાઓને કેવી રીતે સુધારી શકીએ તેના પર જો તમારા કોઈ સૂચનો છે, તો કૃપા કરીને અમને જણાવો.

આ પ્રકાશન જ્યારે પ્રકાશન લખાયું હતું ત્યારે લાગુ કાયદા અને નિયમોનો સારાંશ આપે છે. જો કે, તે સમય પછી કાયદામાં અથવા નિયમોમાં ફેરફાર થયો હોય તેવું બની શકે છે. જો આ પ્રકાશન અને કાયદાના લખાણ વચ્ચે કોઈ વિરોધાભાસ છે, તો નિર્ણયો કાયદા પર આધારિત હશે, આ પ્રકાશન પર નહીં.

